**સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૯**
**આંક –૫૮**

| | | |
|---|---|---|
| સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૯ | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 12 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ગોવિંદજી રૂડાજી ઠાકોર | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 7984787578 |
| ઉંમર આશરે | ૬૪ | વરસની | ધંધો | નિવૃત પી.એસ.આઈ. |
| રહેવાનુ | પાટણ તા.પાટણ | | ડીસ્ટ્રીકટ | પાટણ |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી બી કંસારા |

(૧) ગઈ તા.૧૨/૮/૧૯ના રોજ ડીસા રૂરલ પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દિવસે પી.એસ.ઓ. દિલાવરખાન સીકદરખાન ડીસા રૂરલ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧ ૦૬/૨૦૧૯, ઈ.પી.કો. કલમ–૩૦૮,૪૨૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ સારૂ અમોને ડેપ્યુટ કરતા કાગળો મેળવી લઈ ગુનાવાળી જગ્યાની વિઝીટ કરી નજીકમાંથી બે પંચો બોલાવી પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામુ તેમના લખાવ્યા મુજબનું લખી લઈ અને ગુનાવાળી જગ્યા ભડથ ગામથી મહુડીવાળા આંટામાં ખરાબા પડતર જમીન આ કામના આરોપીઓએ કબજો કરી ઈંટો સીમેન્ટની નાની ઓરડી બનાવી તેના પતરા ઢાંકી એક લોખંડની સોલર પ્લેટ લગાવી અને ત્યાં ઝાટકા મશીન લગાવી તેની અંદર ખેતરની ફરતે નાના તાર નાંખી મગફળીનું વાવેતર કરેલ હતુ તેમાં ઝાટકા મશીનથી કરંટ ચાલુ હતો અને આ કામના સાહેદ ત્યાંથી પસાર થતા ફરીયાદીના ભત્રીજાને સામાન્ય આંગળીએ કરંટ લાગતા તે જમીન ઉપર અર્ધ બેભાન થઈ નીચે પડી ગયેલ અને તે દરમિયાન સાહેદો છોડાવવા આવેલા તે સમયે જે ઓરડીવાળી

સાહેદની સહી..............................

સિમેન્ટવાળી હતી અને તેના પર પતરા લાગેલા હતા તથા ઝાટકા મશીન કે જે ઓરડી નીચે તુટેલુ પડેલ હતુ તેમજ પાઈપો જે પડેલી હતી તેની જે સિમેન્ટના પતરા તથા ઝાટકા મશીન તેમજ ડ્રીપ એરીગેશન કુવારાની સાહેદઓ ધ્વારા તોડફોડ કરી રૂ.૧૦,૦૦૦/– જેટલાનું અં દાજે નુકશાન કરેલું. આરોપીઓ હાજર હોય જે બાબતે ફરીયાદીએ આરોપીઓને ઠપકો આપતા જેઓ એકદમ ઉશ્કરોઈ જઈ જેમતેમ ભુંડી ગાળો બોલી હથિયાર ધારણ કરી ફરીયાદીને મારવા આવતા તે ખસી જતા તેને ડાબી આંખાના ડોઘા ઉપર કુહાડીનો ઘા મારેલ જેથી લોહી નીકળેલ અને બુમાબુમ કરતા નજીકમાં થી ઘણા માણસો આવી ગયેલા અને તેમને વધુ મારમાંથી છોડાવેલ અને આરોપીઓ ત્યાંથી જતા જતા કહેતા હતા કે જો તમે ફરીથી અહીંથી નીકળશો તો તમોને જાનથી મારી નાંખીશુ અને તેઓને ઈજા થયેલ હોય ખાનગી વાહનમાં સરકારી દવાખાને ડીસા સારવાર કરાવેલી અને ફરીયાદીને માથાના ભાગે ત્રણ ટાંકા આવેલ હતા અને તેમના ભત્રીજાને પણ સારવાર કરાવેલ હતી અને આ કામની લાગતા વળગતા સાહેદોના નિવેદન લખી લઈ કામે સામેલ રાખી અને આરોપીઓ પો.સ્ટે. રજુ થતા જેમના શરીર સ્થિતીના પંચનામા તથા મુદામાલ રીકવર કરવા સારૂ મારક હથિયાર કુહાડી તહોમતદાર નાનસિંગ મદારસિંગ પાસેથી કબજે કરેલ જે કુહાડી જુના જેવી કાટવાળી જેની હાથા તથા ફળ સાથેની લંબાઈ દોઢ ફુટ જેટલા આશરા હતી અને લોહીના ડાઘ વગરની પંચો રૂબરૂ કબજે કરેલી અને આરોપીઓની આ ગુનાના કામે અટક કરી નામ.કોર્ટમાં રજુ કરેલા અને આ કામે તહોમતદારો વિરૂધ્ધ ચાર્જશીટ કરવા પુરતા પુરાવા હોય અને ફરી તથા સાહેદના સર્ટી મેળવી આ ગુનાના કામે સામેલ રાખી તહોમતદારો વિરૂધ્ધ

સાહેદની સહી............................

પુરતો પુરાવા પડતા ચાર્જશીટ કરેલ.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ આર્ટીકલ નં.ર બતાવવામાં આવે છે, જેમાંથી નીકળેલ કુહાડી જોઈને કહુ છુ કે મે મુદામાલ રીકવરી પંચનામા સમયે આરોપી નાનસિંગ મદારસિંગ પાસેથી પંચો રૂબરૂ કબજે કરેલ હતી તે તેજ છે, જે હુ ઓળખી બતાવુ છું.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ આર્ટીકલ નં.૧ બતાવવામાં આવે છે, જેમાંથી નીકળેલ ઝાટકા મશીન જોઈને કહુ છુ કે મે મુદામાલ રીકવરી પંચનામા સમયે આરોપી નાનસિંગ મદારસિંગ પાસેથી પંચો રૂબરૂ કબજે કરેલ હતી તે તેજ છે, જે હુ ઓળખી બતાવુ છું.

આરોપીઓ આજરોજ નામ.કોર્ટમાં હાજર છે, તે તેજ છે.

મને માર્ક:૧૯/રવાળી ફરીયાદ બતાવવામાં આવે છે, જે ફરીયાદ મનુભા શાંતુસિંહ વાઘેલાની લખાવ્યા મુજબની લખી દીધેલી, જેમાં ફરીયાદીના ડાબા હાથના અંગુઠાનું નિશાન છે તેમજ બાજુમાં મારી સહી અને હોદો છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:પ૯** આપવામાં આવે છે.

મને માર્ક:૧૯/પવાળી એમ.ઓ.સીવીલ હોસ્પિટલ પાલનપુરને કરેલ યાદી બતાવવામાં આવે છે, જેમાં નીચે મારી સહી અને હોદો છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૬૦**આપવામાં આવે છે.

મને આંક:ર૭વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે, જે પંચનામુ બે પંચોને સાથે રાખી ગુનાવાળી જગ્યા જઈ પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલ હતુ, જેમાં બે પંચોની સહી તથા મારી સહી તથા હોદો છે, જે હું ઓળખી બતાવુ છું.

મને આંક:૩૧વાળું આરોપીઓની શરીર સ્થિતી તથા હથિયાર

સાહેદની સહી............................

રીકવરીનું પંચનામુ બતાવવામાં આવે છે, જે પંચનામુ બે પંચોને સાથે રાખી પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલ હતુ, જેમાં બે પંચોની સહી તથા મારી સહી તથા હોદો છે, જે હું ઓળખી બતાવુ છું.

**સરતપાસ પુરી.**

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.આર.વી.સોલંકી..</u>**

(૨) એ વાત ખરી છે કે કહેવાતા બનાવની ફરીયાદ મે લીધેલી અને તપાસ પણ મે કરેલી. એ વાત ખરી છે કે ભડથ ગામ આશરે દશ થી પંદર હજાર વસ્તી ધરાવતુ ગામ છે. એ વાત ખરી છે કે ગામમાં અલગ-અલગ જ્ઞાતિના લોકો રહે છે. એ વાત ખરી છે કે ફરીયાદીના કુટુંબ સિવાય બીજી કોઈ જ્ઞાતિના વ્યકિતનો જવાબ લીધેલ નથી. એ વાત ખરી છે કે ઝાટકા મશીનની માલીકી કે બીલનો કોઈ આધાર પુરાવો લીધેલ નથી. એ વાત ખરી છે કે ઝાટકા મશીન બજારમાં મળી રહે છે. એ વાત ખરી નથી કે મે પંચનામુ તૈયાર કરી અને પોલીસ સ્ટેશનમાં પંચોની સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદન મે મારી જાતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં આરોપીઓ વિરૂઘ્ધ ખોટી ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**વિશેષ ઉલટતપાસ નથી,**
**ફેર તપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૦/૦૩/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................